**રાજકોટ રૂરલ જીલ્લા :- પોલીસે કરેલ સારી કામગીરી**

**[માહે-03/૦૯/૨૦૧૮ થી ૦૯/૦૯/૨૦૧૮**

---

1. **વેગડી ગામની સીમમાં ઓરડીમાંથી પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂ ની બોટલ તથા ટીન નંગ 207 કિંમત રૂ 83,700/- તથા કાર મળી કુલ રૂ 1,84,200/- નો મુદ્દામાલ પકડી પાડતી ધોરાજી પોલીસ**

   મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી જેતપુર ડિવિઝન જે એમ ભરવાડ સાહેબની સુચના મુજબ સાતમ-આઠમના તહેવાર સબબ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી જુગાર અંગેની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ હોય જે અન્વયે ધોરાજી પોસ્ટેના પો.ઇન્સ શ્રી એમ વી ઝાલા સા ની સુચના મુજબ પો.સબ.ઇન્સ શ્રી જે વી વાઢિયા તથા સ્ટાફે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો.સબ.ઇન્સ શ્રી જે વી વાઢીયા સાહેબને મળેલ ચોક્કસ હકીકત આધારે ધોરાજી ના વેગડી ગામની સીમમાંથી એક ઓરડીમાંથી કારમાં ટ્રાન્સફર કરવામાં આવતો નીચે મુજબનો ઇંગ્લિશ દારૂ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે (1) રોયલ ચેલેન્જ ક્લાસિક પ્રીમિયમ વિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નંગ ૮૮ કિંમત રૂ ૫૨૮૦૦/-(2) મેકડોવેલ નંબર વન સુપિરિયર વ્હિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નંગ ૯૫ કિંમત રૂ 28500/- (3) હેવર્ડસ 5000 સ્ટ્રોંગ બિયર ટીન નંગ 24 કિંમત રૂ 2400/-સદરહુ રેડ દરમિયાન આરોપી અફરોઝ આ મનસા ફકીર રહે ધોરાજી બહારપુરા વાળા પાસેથી મોબાઇલ 1 કિંમત રૂ 500/- તથા ગોલ્ડન કલરની ઓપેલ કાર કિંમત રૂ 100000/- મળી કુલ રૂ 1,84,200/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તેમજ નાસી જનાર આરોપી હનીફ ઉર્ફે હનીયો મજીદ ગરાણા રહે ધોરાજી તથા ભાવેશ ભોજાભાઇ કોડીયાતર રહે વેગડી વાળાઓ વિરુદ્ધ પ્રોહિ એક્ટ મુજબ ધોરણ સર કાર્યવાહી કરેલ છે આ કામગીરીમાં પો.સબ.ઇન્સ શ્રી જે. વી. વાઢીયા તથા પો હેડ કોન્સ વિજયભાઈ, અશોકભાઈ તથા પો.કોન્સ બાપાલાલ ચુડાસમા વિગેરે જોડાયા હતા

2. **ગે.કા. હથિયાર પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.પ્રેસ નોટ ૪/૦૯/૨૦૧૮**

   મે.પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય,રાજકોટ બલરામ મીણા સાહેબ નાઓએ જીલ્લામા ગેરકાયદેસર હથિયારોના કેસો કરવા સુચના કરેલ હોય જે અન્વયે એસ.ઓ.જી. ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ.શ્રી યુ.એચ.વસાવા, પોલીસ સબ ઈન્સ.શ્રી એ.એ.ખોખર, પો.હેડ કોન્સ. અતુલભાઇ ડાભી, પો.કોન્સ. રણજીતભાઇ ધાધલ તથા સાહિલભાઇ ખોખર એમ બધા ભાડલા પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કોન્સ. રણજીતભાઇ ધાધલને મળેલ ચોક્કસ હકીકત આધારે ખડવાવડી ગામની સીમમાથી ગે.કા. હથિયાર દેશી હાથ બનાવટની જામગરી બંદુક-૧ કિં.રૂ.૨૦૦૦/- સાથે મનસુખભાઇ લખમણભાઇ મકવાણા ઉ.વ.૪૭ રહે.ખડવાવડી તા.જસદણ વાળો મળી આવતા અટક કરી ધોરણસરની કાર્યવાહી કરી ભાડલા પોલીસ સ્ટેશન સોંપી આપેલ છે.

3. **ગોંડલથી ગુમ થયેલ બાળકો (બે સગા ભાઇઓ) ને ગણતરીના કલાકોમાં જ શોધી કાઢતી રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. પોલીસ**

   આજ રોજ તા.૦૬/૦૯/૨૦૧૮ નાં રોજ એલ.સી.બી. રાજકોટ ગ્રામ્ય નાં ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.ચાવડા તથા પો.કોન્સ. જયેન્દ્રસિંહ વાઘેલા તથા મનોજભાઇ બાયલ તથા ડ્રાઇવર એ.એસ.આઇ. અમુભાઇ વિરડા વિગેરે એમ બધા ગોંડલ - જેતપુર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન રાજકોટ જુનાગઢ નેશનલ હાઇવે રોડ ઉપર ગોમટા ગામના પાટીયા પાસે પહોંચતા, રોડના ડીવાઇડર પાસે બે નાના બાળકો ચાલીને જતા હોય, જેથી શંકા આધારે તેઓને રોકી, રોડની સાઇડમાં લઇ જઇ પુછપરછ કરતા, બન્ને બાળકો એકદમ ગભરાઇ ગયેલ હતા. અને પોતાના કે પોતાના માતા પિતા વિશે કોઇ જવાબ આપેલ નહીં જેથી, બન્ને બાળકોને શાંતિથી બેસાડી, તેઓને (ભાગ) નાસ્તો અપાવી, વિશ્વાસમાં લઇ,

ફરીથી પુછપરછ કરતા, તેઓએ પોતાના નામ ગૌરવ ઉ.વ. ૯ વર્ષ તથા કાનો ઉ.વ. ૬ વર્ષ વાળા હોવાનું જણાવેલ તથા તેના પિતાનું નામ જણાવેલ નહીં પરંતુ પોતાના પિતા ગોંડલમાં ફુટનો વેપાર કરતા હોવાનું જણાવેલ હતુ. જેથી, તુરત જ ગોંડલ વિસ્તોરના વિશ્વાસુ માણસો મારફતે હકિકત મેળવી આ બાળકોના પિતા જીજ્ઞેશભાઇ કિશોરભાઇ રાદડીયા જાતે.પટેલ ઉ.વ.૨૮ ધંધો.ફુટનો વેપાર રહે.ગોંડલ, કાનદાદાની મીલ પાસે, વૃન્દાવન સોસાયટી વાળા હોવાની હકિકત મેળવી તેઓનો ફોન નંબર મેળવી તેઓનો સંપર્ક કરી, પુછપરછ કરતા તેઓના બાળકો આજ રોજ બપોરના કલાક ૧૬/00 વાગ્યાની આસપાસ ગુમ થયેલ છે. અને પોતે ગોંડલ સીટી વિસ્તારમાં તેની શોધખોળ કરી રહેલ છે. તેવી હકિકત જણાવતા તેઓને સ્થળ ઉપર બોલાવી મળી આવેલ બન્ને બાળકોને તેના માતા પિતાને સોંપી આપવાં આવેલ છે.

4. **<u>વેગડી ગામની સીમમાં ઓરડીમાંથી પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂ ની બોટલ નંગ ૨૩૨૪ તથા ટીન નંગ ૧૩૬૮ કિંમત રૂ ૯૦૨૪૦૦/- નો મુદ્દામાલ પકડી પાડતા ના.પો.અધિ.સા.જેતપુર તથા ધોરાજી પોલીસ</u>**

મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ ની સુચના મુજબ નાયબ પોલીસ અધિક્ષક શ્રી જેતપુર ડિવિઝન જે એમ ભરવાડ સાહેબ પ્રોહી જુગાર અંગેની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા જે અન્વયે ધોરાજી પોસ્ટેના પો.ઇન્સ શ્રી એમ વી ઝાલા સા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાહેબને મળેલ ચોક્કસ હકીકત આધારે ધોરાજી ના વેગડી ગામની સીમમાંથી એક ઓરડીમાં દારૂના કેસમાં નાસ્તો ફરતો આરોપી ભાવેશ ભોજાભાઇ કોડીયાતરે છૂપાવેલ છે. જે આધારે પોલીસે રેઇડ કરી નીચે મુજબનો ઇંગ્લિશ દારૂ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે (1) રોયલ આમ્સ વિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નંગ 324 કિંમત રૂ96900/-(2) મેકડોવેલ નંબર વન સુપિરિયર વ્હિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નંગ 1488 કિંમત રૂ-446400 (3)એવરીડે ગોલ્ક સુપિરિયર વ્હિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નં.284 કિંમત રૂ-8520 (૪)રોયલ ચેલેન્જ ક્લાસિક પ્રીમિયમ વિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નંગ 228 કિંમત રૂ132800/- હેવર્ડસ 5000 સ્ટ્રોંગ બિયર ટીન નંગ 1368 કિંમત રૂ 136800/- કુલ રૂ902400/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે ભાવેશ ભોજાભાઇ કોડીયાતર રહે વેગડી વાળાઓ વિરુદ્ધ પ્રોહિ એક્ટ મુજબ ધોરણ સર કાર્યવાહી કરેલ છે આ કામગીરીમાં શ્રી જે.એમ.ભરવાડસાહેબ તથા પોલીસ ઈન્સપેક્ટર એમ.વી ઝાલા ઝાલા સાહેબ તથા પો હેડ કોન્સ વિજયભાઈ, અશોકભાઈ તથા પો.હેડકોન્સ લાલજીભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ નારણભાઈ પંપાણિયાજેતપુર સીટી તથા વિશાલભાઈ સોનારા તથા અનિરુદ્ધસિંહ ઝાલા તથા ચંદ્રસિંહ વસૈયા તથા ઘનશ્યામસિંહ જાડેજા વિગેરે જોડાયા હતા

5. **<u>જેતપુર ભાદરના સામકાંઠે રામા મંડળ ચોક ફૂલવાડી વિસ્તારબમાં જુગાર નો અખાડો પકડી પાડતી જેતપુર સિટી પોલીસ</u>**

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ ની સૂચનાથી જેતપુર Dysp શ્રી જે.એમ.ભરવાડ સાહેબના માર્ગદર્શન હેઠળ તથા જેતપુર સિટી પો.સ્ટે.PI શ્રી એમ.અને.રાણા સાહેબ તથા પી.એસ.આઈ.આર.કે.ચાવડા સાહેબ તથા Hc સંજયભાઈ ચાવડા pc લાખુભા તથા ભાવેશભાઈ ચાવડા તથા કેતનભાઈ વિગેરેનાઓ જેતપુર સિટી વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરિમયાન જેતપુર ભાદરના સામકાંઠે રામા મંડળ ચોક ફૂલવાડી વિસ્તારમાં જુગાર રમતા ,૫ શખ્સો ને પોલીસે ઝડપી પાડ્યા તેમજ આરોપી (૧) બીશુંભાઈ જેન્તીભાઈ ગીડા જાતે કાઠી ઉ.વ.૫૫ રહે જતપુત (૨)રમેશ લાખાભાઈ રેણુકા જાતે બારોટ ઉ.વ.૪૫.રહે જેતપુર (૩) મહેશભાઈ લાખાભાઈ કીડીયા જાતે કોળી ઉ.વ.૨૨.રહે જેતપુર (૪) ઉદયભાઈ ભાણકૂભાઈ ગીદાબ જાતે કાઠી રહે જેતપુર (૫)યુવરાજભાઈ બીશુંભાઈ ગીડા જાતે કાઠી ઉ.વ.૧૯.રહે જેતપુર તેમજ રોકડ રૂ.૩૫.૫૦૦/- મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા કલમ ૪.૫.મુજબ નો ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી.....

6. **<u>વેગડી ગામની સીમમાં ઓરડીમાંથી પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂ ની બોટલ નંગ ૨૩૨૪ તથા ટીન નંગ ૧૩૬૮ કિંમત રૂ ૯૦૨૪૦૦/- નો મુદ્દામાલ પકડી પાડતા ના.પો.અધિ.સા.જેતપુર તથા ધોરાજી પોલીસ</u>**

પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ ની સુચના મુજબ નાયબ પોલીસ અધિક્ષક શ્રી જેતપુર ડિવિઝન જે એમ ભરવાડ સાહેબ પ્રોહી જુગાર અંગેની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા જે અન્વયે ધોરાજી પોસ્ટેના પો.ઇન્સ શ્રી એમ વી ઝાલા સા પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાહેબને મળેલ ચોક્કસ હકીકત આધારે ધોરાજી ના વેગડી ગામની સીમમાંથી એક ઓરડીમાં દારૂના કેસમાં નાસ્તો ફરતો આરોપી ભાવેશ ભોજાભાઇ કોડીયાતરે છૂપાવેલ છે. જે આધારે પોલીસે રેઇડ કરી નીચે મુજબનો ઇંગ્લિશ દારૂ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરેલ છે

(1) રોયલ આમ્સ વિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નંગ 324 કિંમત રૂ96900/-(2) મેકડોવેલ નંબર વન સુપિરિયર વ્હિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નંગ 1488 કિંમત રૂ-446400(3)એવરીડે ગોલ્ડ સુપિરિયર વ્હિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નં.284 કિંમત રૂ-8520(૪)રોયલ ચેલેન્જ ક્લાસિક પ્રીમિયમ વિસ્કી 750 એમએલ કાચની સીલપેક બોટલ નંગ 228 કિંમત રૂ132800/- હેવર્ડસ 5000 સ્ટ્રોંગ બિયર ટીન નંગ 1368 કિંમત રૂ 136800/- કુલ રૂ902400/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે ભાવેશ ભોજાભાઇ કોડીયાતર રહે વેગડી વાળાઓ વિરુદ્ધ પ્રોહિ એક્ટ મુજબ ધોરણ સર કાર્યવાહી કરેલ છે

આ કામગીરીમાં શ્રી જે.એમ.ભરવાડસાહેબ તથા પોલીસ ઈન્સપેક્ટર એમ.વી ઝાલા ઝાલા સાહેબ તથા પો હેડ કોન્સ વિજયભાઈ, અશોકભાઈ તથા પો.હેડકોન્સ લાલજીભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ નારણભાઈ પંપાણિયાજેતપુર સીટી તથા વિશાલભાઈ સોનારા તથા અનિરુદ્ધસિંહ ઝાલા તથા ચંદ્રસિંહ વસૈયા તથા ધનશ્યામસિંહ જાડેજા વિગેરે જોડાયા હતા

7. <u>ઉપલેટા જાહેરમા નોટ નંબરી નો જુગાર પકડી પાડતી ઉપલેટા પોલીસ</u>

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ તથા ના.પો.અધિ.સા.જેતપુર ના અ◌ેની રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં દારુ જુગાર ની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા માટે સુચના આપેલ હોય જે અનવયે આજરોજ પો.હેડ કો રમેશભાઇ બોદર તથા નિલેશભાઇ ચાવડા તથા હરેશભાઇ બારીયા તથા વિસાલભાઇ હુણ અ◌ેમ બધા ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ઉપલેટા મોજ નદી સોમનાથ મહાદેવ મંદિરના પટમાં આવતા બે ઇસમો જાહેરમાં પૈસાની લેતી દેતી કરી ચલણી નોટો પર નોટ નંબરનો જુગાર રમતા (૧) મનીષભાઇ ભરતભાઇ માત્રા વડીયા રહે ઉપલેટા (૨) હરસુખભાઈ રવજીભાઇ સોજીત્રા રહે ઉપલેટા વાળા પૈસાની લેતી દેતી કરી નોટ નંબરનો જુગાર રમતા રોકડ રૂપિયા ૧૮૮૪૦/ ના મુદામાલ સાથે બંને ઇસમો ને પકડી પાડી ઉપલેટા પો.સ્ટે મા ગુનો રજી.કરાવેલ

8. ***<u>વાલીવારસ વગરમળી આવેલબાળક ને તેનાવાલી વારસ શોધી તેના માતા તથા સંબંધી ને બાળક સોપતી પડધરી પોલીસ</u>***

ગઇ તારીખ 14/08/2018 ના રોજ પડધરી તાલુકાના ખભાળા ગામેથી એક સાત વર્ષ નુ બાળક રડતી હાલતમા મળી આવેલ જેના વાલીવારસ વીશે પુછતાં કાઈ જવાબ આપતો ના હોય તેને પોલીસ સ્ટેશને લાવી મહિલા પોલીસ કર્મચારી પાસે તથા અમો બી.એફ.ચોધરી પો.સબ.ઈન્સ પડધરી પોલીસ સ્ટેશન નાઓએ આ બાળક ચાર પાચ દિવસથી ભુખ્યુ હોય જેથી તેને જમાડી તેની પુછપરછ કરતા અલીરાજપુર (મધ્યપ્રદેશ) નો હોવાનુ જણાવેલ ગામનુ નામ અને માતા પિતાનુ નામ જણાવેલ નહી અને આ બાળકના વાલી વારસની અલગ-અલગ જગ્યાએ તપાસ કરાવેલ પંરતુ કોઇ વાલી વારસ નહી મળતા બાળક ને બાળ સરક્ષણ ગુહ રાજકોટ ખાતે મોકલી આપેલ અને અલીરાજપુર (એમ.પી.) જીલ્લાના પડધરી પોસ્ટે વિસ્તારમા રહેતા તમામ પરપ્રાતીય મજુરોની તપાસ કરી તેમની પુછપરછ કરેલ અને ગઇ તારીખ 21/08/2018 આ બાળકના સંબધી મળી આવતા તેને આ બાળકના માતા પિતા વીશે પુછપરછ કરી તેના માતાને અહી પોસ્ટે બોલાવી બાળ સરક્ષણ ગુહ રાજકોટ ખાતેથી આ બાળકને તેની માતાને પરત સોપી સરાહનીય કામગીરી કરેલ હતી અને પોલીસ પ્રજા નો સાચો મીત્ર નુ સુત્ર સાર્થક કરેલ છે આ કામગીરી મા પડધરી પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ

બી.એફ.ચોધરી તથા વૂ.હેડ.કોન્સ નેહાબેન કણજારીયા પો.કોન્સ યુવરાજસિંહ ગોહિલ ફીરોજભાઈ બ્લોચ નીલેષભાઈ કણજારીયા પ્રભાતભાઈ મૈયડ સજયસિહ જાડેજા વિગેરે જોડાયા હતા

9. **<u>રોકડ રૂ.૨૭૯૪૦/- તથા મોબાઇલ નંગ ૧૦ કી.રૂ.૯૩૦૦ મળી કુલ કિ.રૂ.૩૭૨૪૦/- તથા જુગાર સાહીત્ય સાથે ૧૨ ઇસમોને પકડી પાડતી પડધરી પોલીસ</u>**

મ્હે.પોલીસ અધીક્ષક સાશ્રી બલરામ મીણા સાહેબ તેમજ ના.પો.અધી.શ્રી ગોડલવીભાગ ડી.એમ.ચોહાણ સાહેબ દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમા દારૂ તથા જુગારની બદીને સંપુર્ણ નેસ્તનાબુદ કરવા માટે સુચના આપેલ જે અન્વયે પોસ્ટાફ સાથે પડધરી પોસ્ટે વિસ્તરામા પેટ્રોલીગમા હતા દરમ્યાન નવા નારણકા ગામે કેટલાક ઇસમો તીનપતીનો હારજીતનો જુગાર રમે છે તેવી હકીકત મળતા સદરહુ જગ્યાએ તા.૦૧/૦૯/૨૦૧૮ કલાક ૨૩/૪૫ વાગ્યે રેઇડ કરતા જુગાર રમતા ૧૨ ઇસમો જેમા (૧) ચમનભાઇ રવજીભાઇ રાજપરા (૨) દર્શકભાઇ હરજીવનભાઇ ભાલોડીયા (૩) ક્લ્પેશભાઇ નારણભાઇ રાજપરા (૪) બ્રીજેશભાઇ ભુદરભાઇ રાજપરા (૫) મયુરભાઇ રમેશભાઇ રોજમાળા (૬) પ્રવીણભાઇ વીરાભાઇ ચોહાણ (૭) કેતનભાઇ બાબુભાઇ જાદવ(૮) નવનીતભાઇ રમેશભાઇ ચોહાણ (૯) પ્રવીણભાઇ મુળજીભાઇ પરમાર(૧૦) સુરેશભાઇ જાદવભાઇ રાજપરા (૧૧) મનસુખભાઇ પોપટભાઇ કાજીયા રહે બધા નવા નારણકા તા.પડધરી (૧૨) પ્રવીણભાઇ તુલશીભાઇ ભીમાણી રહે.વેજાગામ તા.જી.રાજકોટ રોકડ રૂ.૨૭૯૪૦/- તથા મોબાઇલ નંગ ૧૦ કી.રૂ.૯૩૦૦ મળી કુલ કિ.રૂ.૩૭૨૪૦/- સાથે પકડી પાડી જુગારા ધારા કલમ ૧૨ મુજબ ગુંન્હો નોધી તપાસ હાથ ધરી છે આ સમગ્ર કામગીરીમા અમો બી.એફ.ચોધરી પો.સબ.ઇંન્સ પડધરી પોસ્ટે તથા પો.કોંન્સ યુવરાજસિંહ ગોહીલ પો.કોંન્સ અયુબખાન બેલીમ પો.કોંન્સ પ્રભાતભાઇ મેયડ તથા પો.કોંન્સ સંજયભાઇ બાભવા વીગેરે સ્ટાફના માણસો જોડાયા હતા.

10. **<u>શાપર (વે)પોલીસ સ્ટેશન ના પારડી ગામ ખાતેથી જુગાર દરોડામાં ચાર પતા પ્રેમી રૂ.૧,૨૫,૪૫૦/- માલ મતા સાથે. ઝડપાયા.</u>**

મ્હે.પોલીસ અધીક્ક્ષક શ્રી બલરામ મીણા સાહેબની સુચના તથા ના.પો.અધી.શ્રી ડી.એમ.ચૌહાણ સા.ના માર્ગદર્શન હેઠળ અમો આર.જી.સિંધુ પો.સ.ઇ. શાપર(વે) પો.સ્ટે.ના તથા પો.હેડ કોન્સ. ઉપેન્દ્રસિંહ જાડેજા તથા પો.કોન્સ. માવજીભાઇ ડાંગર તથા પો.કોન્સ. રવીરાજસિંહ ઝાલા તથા પો.કોન્સ અનિરૂધ્ધ સિંહ જાડેજા તથા વિજયગીરી ગોસ્વામી વિગેરે બધા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન પો.હેડ કોન્સ. ઉપેન્દ્રસિંહ જાડેજાને ખાનગી બાતમી રાહે હકિકત મળેલ જે આધારે પારડી પાણીના ટાંકા સામેથી આરોપી (૧)પ્રકાશભાઇ મુળજીભાઇ સોલંકી (૨)ભરતભાઇ રાજાભાઇ પરમાર(૩)સંજયભાઇ રાણાભાઇ પરમાર (૪)હકાભાઇ લાલજીભાઇ પરમાર રહે બધા પારડી તા.-લોધીકા વાળાઓને રોકડ રૂ.-૨૫,૪૫૦/- તથા બે ઓટો રિક્ષા કિ.રૂ.-૧,૦૦,૦૦૦/- ના સાથે કુલ કિ.રૂ.-૧,૨૫,૪૫૦/- ના મુદામાલ સાથે પકડી જુ.ધા. ક.-૧૨ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે.